# ગાંધીનગર સમાચાર

**તાપમાન**
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૨૯ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૯૦ | ૧૦ જૂન, ૨૦૧૬, શુક્રવાર ; જેઠ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# મેક્સિકો પણ એનએસજી મામલે ભારતને ટેકો આપવા સહમત



નવી દિલ્હી,તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાની ઐતિહાસિક અને સફળ યાત્રા પૂર્ણ કર્યા બાદ તેમની યાત્રાના અંતિમ તબક્કામાં આજે મેક્સિકો પહોંચી ગયા હતા. જ્યાં મોદીએ મેક્સિકોના પ્રમુખ એનરિક પેના નીતો સાથે સફળ વાતચીત કરી હતી જેમાં બંને દેશોના સંબંધોને નવી ઉંચાઈ ઉપર લઈ જવાના મુદ્દા પર ચર્ચા થઈ હતી. શિખર વાતચીત બાદ એનએસજીના

● અનુસંધાન પાન-૭ પર

# આજથી યુરો-૨૦૧૬ની રોમાંચક શરૂઆત

## યુરોપની ૨૪ શ્રેષ્ઠ ફુટબોલ ટીમો વચ્ચે જંગ : સ્પેન ટાઈટલ જાળવી રાખવા સુસજ્જ : વિશ્વ ચેમ્પિયન જર્મની આ વખતે હોટફેવરીટ

પેરિસ,તા. ૯

જેની ઉત્સુકતાપૂર્વક કરોડો ફુટબોલપ્રેમીઓ દુનિયાભરમાં રાહ જોઈ રહ્યા હતા તે યુરો-૧૬ની આવતીકાલથી રોમાંચક શરૂઆત થઈ રહી છે. યુરોપની શ્રેષ્ઠ ૨૪ ફુટબોલ ટીમો વચ્ચે ખરાખરીનો જંગ હવે છેક એક મહિના સુધી ચાલશે. એક મહિના સુધી ફુટબોલ ચાહકોને હવે મજા પડી જશે. રોજ મેચો રમાનાર છે. આ વખતે વર્તમાન ચેમ્પિયન સ્પેનના પ્રભુત્વને તોડવા માટે જર્મની સંપૂર્ણ પણ તૈયાર છે. વર્તમાન વિશ્વ કપ ચેમ્પિયન

● અનુસંધાન પાન-૭ પર

# પ્રાણીઓને મારવા મુદ્દે બે કેન્દ્રીય પ્રધાનો સામ સામે

## બિહારમાં ૨૫૦થી વધુ નિલગાયની ગોળી મારીને હત્યા કરાઈ : પ્રાણીઓને મારી નાંખવાનો મહિલા અને બાળ વિકાસ પ્રધાન મેનકા ગાંધીનો વિરોધ : રાજ્યોની વિનંતી બાદ પ્રાણીઓને મારી નાંખવાના આદેશ : જાવડેકર

નવી દિલ્હી,તા. ૯

પ્રાણીઓને મારી નાંખવાના આદેશને લઈને કેન્દ્ર સરકારમાં રહેલા પ્રધાનો વચ્ચે વિરોધાભાષની સ્થિતિ જોવા મળી રહી છે. જેના કારણે રાજકીય વર્તુળોમાં અને ખાસ કરીને કોંગ્રેસ પાર્ટી તથા હરીફોને નવા હથિયાર મળી ગયા છે. બિહારના મૌકામામાં ૨૫૦થી વધારે નિલગાયની ગોળીમારીને હત્યાના મામલામાં કેન્દ્રના બે મંત્રી આમને સામને આવી ગયા છે. એકબાજુ મહિલા અને બાળ વિકાસમંત્રી મેનકા ગાંધીએ પ્રાણીઓને મારી નાંખવાનો જોરદાર વિરોધ કર્યો છે. બીજી બાજુ પર્યાવરણ પ્રધાન પ્રકાશ જાવડેકરે કહ્યું છે કે, રાજ્યોના અનુરોધ બાદ પ્રાણીઓને મારવાનો આદેશ આપવામાં આવ્યા હતા. આના માટે પહેલાથી જ કાયદા બનાવવામાં આવ્યા છે. મહિલા અને બાળ વિકાસ પ્રધાન મેનકા ગાંધીએ જુદા જુદા રાજ્યોમાં પ્રાણીઓની હત્યાને

● અનુસંધાન પાન-૭ પર











